# રોકાણકારો

# સાવધાન !



**શું તમે એવી વ્યક્તિ સાથે સોદા કરો છો જે એક્સચેંજની ટ્રેડિંગ સિસ્ટમ બહાર સિક્યોરિટીઝના સોદા કરતી હોય ?**

કેટલાંક અનૈતિક તત્વો પ્રમાણિત સ્ટોક એક્સચેંજની પ્રસ્થાપિત ટ્રેડિંગ સિસ્ટમ બહાર શૅર્સના સોદા કરતા હોવાનું જણાયું છે. દેખીતી રીતે જ તેઓ શૅર્સની કિંમતો એનએસઈ જેવા પ્રમુખ એક્સચેંજો દ્વારા સંદર્ભ કિંમત તરીકે વિસ્તરણ કરે છે અને તેઓ આવા સોદાના અકાઉન્ટ્સ અને તેનું સેટલમેન્ટ ગેરકાયદેસર રીતે ખાસ કરીને રોકડ ધોરણે રાખે છે. આ ગતિવિધિ ગેરકાનૂની કૅરી ફૉરવર્ડ મેકેનિઝમ સાથે પણ સાંકળી શકાય છે.

જો એનએસઈના કોઈપણ ટ્રેડિંગ મેમ્બર અથવા તેના રજિસ્ટર્ડ સબ–બ્રોકર આવા કાર્યો કરતા હશે તો તે એનએસઈના નિયમો, પેટાકાયદા અને ધોરણોનો ગંભીર ભંગ કરેલો ગણાશે અને તે માટે એનએસઈ દ્વારા શિસ્તભંગના પગલા લેવામાં આવશે.



**ગેરકાયદેસર સોદા સામે તમારે સંરક્ષણ મેળવવું શા માટે જરૂરી છે ?**

રોકાણકાર દ્વારા માર્કેટ મારફત રોકાણ કરવા અનુસરાતી પદ્ધતિ અમારા માટે મહત્વની છે. એક્સચેંજની ટ્રેડિંગ પદ્ધતિ બહાર ટ્રેડિંગ વ્યવસ્થામાં ભાગ લેતા રોકાણકારોને કોઈપણ વિવાદ બાબતે વિવાદ સમાધાન અને લવાદી સુવિધા તેમજ એનએસઈના ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડનો લાભ મળી શકતો નથી.

## સાર્થક રોકાણ કરો, સુરક્ષિત રોકાણ કરો અને તમારી હકીકતો બરોબર જાણો



- સિક્યોરિટીઝની લે–વેચ માત્ર સેબી રજિસ્ટર્ડ બ્રોકરો દ્વારા અથવા તેમના રજિસ્ટર્ડ સબ–બ્રોકરો દ્વારા જ કરો. તેઓ જે સ્થળેથી ટ્રેડિંગ સુવિધા આપતા હોય તે દરેક સ્થળે તેમણે તેમનું સેબી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ દર્શાવવું જરૂરી છે.
- મેમ્બર કોન્સ્ટિટ્યૂયંટ એગ્રીમેન્ટ કરો અને તમારા બ્રોકર પાસેથી તેની સહી કરેલી પ્રત મેળવો.
- સોદાના ૨૪ કલાકની અંદર જ તમને તમારા બ્રોકર તરફથી પૂર્ણ વિગતો ભરેલ કૉન્ટ્રાક્ટ નોટ મળે તે ખાતરી કરી લો. તમે એનએસઈ પર કરાયેલા સોદાની અસલીયત એનએસઈની વેબસાઈટ www.nseindia.com/content/equities/eq_trdverify.htm પર ચકાસી શકો છો. આ માહિતી સોદાની તારીખથી ૫ કાર્યકારી દિવસ સુધી ઉપલબ્ધ રહે છે.



- તમે તમારા પૈસા/શૅર્સ સંબંધિત સેટલમેન્ટ માટે એનએસઈની નિર્ધારિત પે–આઉટ તારીખ પછીના કાર્યકારી દિવસની અંદર મેળવી લો તે સુનિશ્ચિત કરો.
- તમારા શૅર્સ માત્ર તમારા સેબી રજિસ્ટર્ડ બ્રોકર પાસેથી જ મેળવો અને તેમને જ આપો.
- માર્જિન અને સેટલમેન્ટ સંબંધિત બધી જ ચુકવણી કે મેળવવા પાત્ર રકમ તમારા સેબી રજિસ્ટર્ડ બ્રોકર પાસેથી માત્ર અકાઉન્ટ પેયી ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જ મેળવો અને ચુકવો.

આ માર્ગદર્શિકા તમારા હિત માટે છે તેનો અમલ કરો.


**નૅશનલ સ્ટૉક એક્સચેંજ ઑફ ઈન્ડિયા લિમિટેડ**

''એક્સચેંજ પ્લાઝા'', બાંદ્રા–કુર્લા કૉમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૫૧.

ફોન: ૯૧–૦૨૨–૨૬૫૯૮૧૦૦–૮૧૧૪. ફૅક્સ: ૯૧–૦૨૨–૨૬૫૯૮૧૨૦. ઈ–મેલ: cc_nse@nse.co.in

કૃપા કરી અમારી વેબસાઈટની મુલાકાત કરો: www.nseindia.com


એનએસઈ દ્વારા જનહિતમાં પ્રકાશિત.

A B and U - ia